હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૭૭, વર્ષ : ૩૭, અંક : ૦૬
૧૬-માર્ચ, ૨૦૨૬

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

ગુરુ અને શિષ્ય બંને એક કાચા રસ્તા પરથી જઈ રહ્યા હતા. રસ્તાની વચ્ચે એક નાનો છોડ હતો. ગુરુએ કહ્યું, 'આને ઉખેડી નાખ.' શિષ્યએ તે છોડને ઉખેડી નાખ્યો.

થોડા વધુ આગળ વધ્યા તો ફરી રસ્તાની વચ્ચે છોડ હોય છે... આ છોડ પહેલા કરતા થોડો મોટો હતો. ગુરુએ કહ્યું, 'આને ઉખેડી નાખ.' શિષ્યએ પોતાની પૂરી તાકાત લગાવીને તે છોડને પણ ઉખેડી નાખ્યો.

થોડા હજુ આગળ વધ્યા તો એક મોટું વડનું ઝાડ હતું. 'ગુરુ-આને ઉખેડી નાખ.' શિષ્ય બોલ્યો, 'તમે કેવી વાતો કરો છો ગુરુદેવ? આના મૂળ ખૂબ ઊંડા છે, આટલું મોટું ઝાડ હું કેવી રીતે ઉખેડી શકીશ?'

ગુરુએ કહ્યું, 'આ જ તો હું તને શીખવવા માંગુ છું. સમય રહેતા ખરાબ આદતો, ખરાબ કાર્યો અને ખરાબ લોકોથી પીછો છોડાવી લેવો જોઈએ. જો મૂળ ઊંડા થઈ ગયા, તો પછી તેમનાથી પીછો છોડાવવો અશક્ય છે. પાછા ફરવાની પણ એક સીમા હોય છે.'

- સંત જ્ઞાન

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આ દિવસ સ્ત્રીઓના સંઘર્ષ, તેમની સફળતા અને સમાજમાં તેમના અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો અવસર છે.

"નારી તું નારાયણી" – આ ઉક્તિ ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીના ગૌરવવંતા સ્થાનને દર્શાવે છે. દર વર્ષે ૮ માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં શક્તિ અને સન્માનનું પર્વ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસ મહિલાઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય સિદ્ધિઓની ઉજવણી કરવાનો તથા સમાજમાં સમાનતાના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવાનો દિવસ છે. મહિલા દિવસની ઉજવણીની શરૂઆત ૨૦મી સદીની શરૂઆતમાં થઈ હતી, જ્યારે મહિલાઓએ કામના કલાકો ઘટાડવા, વધુ સારા પગાર અને મતદાનના અધિકાર માટે લડત આપી હતી. આજે આ દિવસ માત્ર આંદોલન પૂરતો સીમિત નથી, પરંતુ સ્ત્રીના અસ્તિત્વ અને તેની શક્તિને સલામ કરવાનો દિવસ છે. આજે એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં મહિલાઓએ પોતાનું નામ રોશન ન કર્યું હોય. શિક્ષણ અને વિજ્ઞાન, અંતરિક્ષથી લઈને લેબોરેટરી સુધી મહિલાઓ નેતૃત્વ કરી રહી છે. સંરક્ષણ અને રમતગમત ક્ષેત્રે, રાજકારણ અને વહીવટમાં દેશના સર્વોચ્ચ પદો પર બિરાજમાન થઈને મહિલાઓએ પોતાની વહીવટી કુશળતા સાબિત કરી છે. ઘર અને પરિવારમાં એક માતા, પત્ની, પુત્રી અને બહેન તરીકે તે પરિવારનો મજબૂત આધારસ્તંભ છે.

ઘણી પ્રગતિ છતાં, આજે પણ સમાજમાં ક્યાંક ને ક્યાંક સ્ત્રી ભ્રૂણ હત્યા, દહેજ પ્રથા અને અસમાનતા જેવા પ્રશ્નો જોવા મળે છે. સાચો મહિલા દિવસ ત્યારે જ ઉજવાયેલો ગણાશે જ્યારે દરેક દીકરીને ભણવાની સમાન તક મળે. મહિલાઓ રાત્રે પણ સુરક્ષિત અનુભવે. કામના સ્થળે અને ઘરમાં તેમને પૂરતું સન્માન મળે. હજારો પુરુષોનો



સરવાળો પણ એક સ્ત્રી સામે ઝાંખો પડે છે. એક પલ્લામાં સમગ્ર સૃષ્ટિની માલમિલકત અને બીજા પલ્લામાં સ્ત્રી સંવેદના મુકો તો બીજું પલ્લું ઝુકશે. એની હૈયા ઉલકત સામે સૌ કોઈએ નતમસ્તક થવું પડે. તેનામાં ઈશ્વરે કૂટી કૂટીને પારાવાર પ્રતિભા ભરી છે. મહિલાએ શક્તિનું સ્વરૂપ છે. તે માત્ર એક દિવસના સન્માનની જ નહીં, પણ આખું વર્ષ આદર અને પ્રેમની હકદાર છે. જો આપણે એક સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરવું હોય, તો સ્ત્રી સશક્તિકરણ અનિવાર્ય છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જોઈએ તો, સ્ત્રી સશક્તિકરણની દિશામાં ભારતમાં ખૂબજ ઉમદા કાર્ય થઈ રહ્યું છે. ભારતની નારી એટલે ત્યાગ અને સમર્પણની જીવંત પ્રતિમા, સેવા અને સહિષ્ણુતા મૂર્તિ, કર્તવ્ય નિષ્ઠાનું જીવતું જાગતું રૂપ, હિન્દુ સંસ્કૃતિની આધારશિલા, સંસ્કૃતિની રક્ષક – પોષક અને સર્જક એટલેજ તો ભારતીય સંસ્કૃતિમાં નારી પૂજાય છે. જે દેશમાં નારીનું સન્માન થાય છે, ત્યાં જ દેવતાઓનો વાસ હોય છે. "જ્યાં નારી પૂજાય છે, ત્યાં રમણ કરે છે દેવતા."

તા. ૧૬-૦૩-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



❊ શ્રીમતિ કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતિ એલ.બી.ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા તેમજ એન.એસ.એસ.વિભાગ દ્વારા ૧૨ ડિસેમ્બરે સ્વદેશી દિવસની ઉજવણી પ્રિ.ડૉ. ડી.એસ. ચારણની પ્રેરણા અને પ્રોત્સાહનથી કરવામાં આવી હતી. આ દિવસે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બી.એ., બી. કોમના વિદ્યાર્થીઓ જોડાયા અને નિબંધ તથા વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. આર. આર. રોહિતે સેવા આપી હતી.




❊ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુરના સંસ્કૃત વિભાગ દ્વારા પ્રિ. સી.એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા. ૯-૧૨-૨૦૨૫ના રોજ ભગવદ્ગીતા જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત જાનવી પ્રજાપતિ દ્વારા શ્લોક ગાનથી કરવામાં આવી. આ પ્રસંગે પ્રિન્સીપાલશ્રીએ વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં ભગવદ્ગીતાનું શું મહત્ત્વ છે એ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. કુસુમબહેન અખાણીએ ભગવદ્ગીતાના નિષ્કામ કર્મયોગ વિશે વ્યાખ્યાન આપ્યું હતું અને ડૉ.બલાભાઇ રબારીએ ભગવદ્ગીતાના સમગ્ર અધ્યાયનો સારાંશ કહી ગીતાનું વિદ્યાર્થી જીવનમાં મૂલ્ય સમજાવ્યું હતું.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર એન.એસ.એસના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨-૧૨-૨૦૨૫ ના રોજ 'સ્વદેશી અભિયાન અંતર્ગત' સ્વદેશીથી વિકસિત ભારત અને 'સ્વદેશી દિવસ' (બાબુ ગેનું બલિદાન દિવસ) અંતર્ગત નિબંધ સ્પર્ધા તથા વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે આવનાર સ્વયંસેવકને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રો.ઓ. ડૉ. ખુશ્બુબેન ચૌધરીએ સ્વદેશી મિશન પોકેટ બુક પીપીટી ના માધ્યમથી તમામ સ્વયંસેવકોને સ્વદેશી વસ્તુ ખરીદવા જાગૃત કર્યા હતા.



❊ શ્રીમતિ કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતિ એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના પ્રિ.ડૉ. ડી. એસ. ચારણના અધ્યક્ષ સ્થાને માગસર સુદ એકાદશી એન.એસ.એસ. અને સંસ્કૃત વિભાગના વિદ્યાર્થી દ્વારા શ્રીમદ્ ભગવદગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે સંસ્કૃત વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ગીતાના શ્લોકોનું પઠન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. આર. આર. રોહિતે પ્રિન્સિપાલશ્રીનું સ્વાગત અને આજના કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. એચ.એલ. દવેએ ગીતા સિદ્ધાંતોની વર્તમાન સમયમાં પ્રસ્તુતા પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી વ્યાખ્યાન આપતાં પ્રિન્સિપાલ શ્રીએ કહ્યું હતુ શ્રીમદ્ ભગવદ્ગીતાએ વૈશ્વિક ગ્રંથ છે. માનવ કલ્યાણ માટે ભગવાન કૃષ્ણના સ્વમુખે રજૂ થયેલું અમૃત છે. જીવન અને જગતનો કોઈપણ સમસ્યાનું સમાધાન આપતું ઉત્તમ ઔષધિ છે. વધુમાં જણાવતા કહ્યું હતું કે ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યોનું ઉદ્ગામ સ્થાન છે દરેક વિદ્યાર્થીઓને નિયમિત રીતે ગીતાના પાઠ કરવા આહ્વાન કર્યું હતું.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરમાં એન.એસ.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૧-૧૨-૨૦૨૫ના રોજ ગીતાજયંતિ નિમિત્તે વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં સંસ્કૃત વિભાગના અધ્યાપક ડૉ. નિરવભાઈ કંસારાએ તમામ વિદ્યાર્થી મિત્રોને ભારતીય આધ્યાત્મિકતા, સંસ્કાર અને જ્ઞાનનું સંકલન કરતું રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે એન.એસ.એસ. સ્વયંસેવકો સાથે કૉલેજના ૭૫ જેટલા વિદ્યાર્થીઓ શ્રીમદ્

ભગવદ્‌ગીતાના મૂલ્યો જીવનદર્શન અને વ્યવહારુ તત્ત્વજ્ઞાન પ્રત્યે જાગૃતિ ફેલાવવા વિશેષ વ્યાખ્યાન તથા ઉજવણીમાં જોડાયા હતા.




❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના IQAC, સંસ્કૃત વિભાગ અને એન.એસ.એસ. દ્વારા તા. ૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ગીતા જયંતિની પાવન ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત શ્રીમદ્ ભગવદ્‌ગીતાના શ્લોકોચ્ચારણથી કરવામાં આવી. ત્યારબાદ આચાર્યાશ્રી, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થિનીઓ દ્વારા વિધિવત ગીતા પૂજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમ દરમિયાન ગીતાના ઉપદેશો, કર્તવ્યપરાયણતા અને જીવન મૂલ્યો અંગે માર્ગદર્શક વક્તવ્ય આપવામાં આવ્યા. વિદ્યાર્થિનીઓએ ગીતા શ્લોક પઠન દ્વારા પોતાના ભાવ વ્યક્ત કર્યા હતા. એન.એસ.એસ. યુનિટ દ્વારા આયોજન કરાયેલ આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થિનીઓમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ અને ગીતા જ્ઞાનના મૂલ્યો પ્રત્યે રસ જાગૃત કરવાનો હતો.



❊ શ્રી કે.આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજીમાં તા. ૧૨-૧૨-૨૦૨૫ના રોજ સ્વદેશી જાગરણ અન્વયે વિદ્યાર્થીઓમાં સ્વદેશી વસ્તુઓ પ્રત્યે પ્રેમ નિષ્ઠા અને જાગૃતિ આવે તે હેતુથી વિદ્યાર્થીઓને ડૉ. સંજય પંડ્યાએ એક વ્યાખ્યાન દ્વારા વિવિધ પ્રકારની સમજૂતી આપી હતી. ત્યારબાદ સ્વદેશી વસ્તુઓ અંગેની પ્રતિજ્ઞા ડૉ. જાગૃતિબેન પટેલે વિદ્યાર્થીઓને લેવડાવી તેમજ વિદ્યાર્થીઓને હસ્તકલા વિદ્યા દ્વારા વિવિધ પ્રકારની વસ્તુઓ બનાવીને સ્વનિર્ભર થઈને સ્વદેશી રોજગારીનો રસ્તો કેવી રીતે અપનાવી શકાય તેનું વાસ્તવિક રીતે કાર્ય કરાવીને ખરા અર્થમાં સ્વદેશી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



❊ શ્રી કે. આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજીમાં યુવાનોમાં પર્યાવરણ રક્ષાની ભાવના ઊભી કરવા 'પોસ્ટર મેકિંગ' કાર્યક્રમનું આયોજન પ્રિ.ડૉ. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ ઈનોવેશન ક્લબના કો.ઓર્ડિનેટર ડૉ. માલતી પટેલે કર્યું હતું. જેનાથી સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ દરેક નાગરિકની પોતાની જવાબદારી છે તેવી સમજ ભાગ લીધેલ વિદ્યાર્થીઓમાં જોવા મળી હતી. પર્યાવરણ જાળવણી માટે આપણે હવા, પાણી અને જમીનના પ્રદૂષણને અટકાવવા અર્થાત્ ભારત સરકારનું 'સ્વચ્છ ભારત અભિયાન' યથાર્થ છે. જેને પ્રજાજનો દિલ અને શ્રમથી સાચા અર્થમાં સાથ સહકાર આપે તો ભારત સ્વચ્છતા ક્ષેત્રે આગામી વર્ષોમાં અગ્રેસર દેશો પૈકીનો એક દેશ બની રહેશે.

## કાર્યક્રમ



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે. વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર દ્વારા તા.૨૦-૧૨-૨૫ ના રોજ ઘરવિહોણા તેમજ ખુલ્લા આકાશ અને ફૂટપાથ પર રહેતા લોકોને ઠંડીમાં રક્ષણ મળે તે હેતુથી પ્રિ. ડૉ.સી.એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ ધાબળા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડૉ. દિનેશભાઈ ઠક્કર, પિયુષભાઈ ઠક્કર, પિયુષભાઈ પરમાર અને લખાભાઈ ઉપસ્થિત રહ્યા હતાં. કૉલેજ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી પ્રાથમિક શાળાના બાળકોને સ્વેટર તથા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ દર વર્ષે વિવિધ દાતાઓના સૌજન્યથી કરવામાં આવે છે.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે. વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર પ્રિ. સી.એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા. ૧૭-૧૨-૨૦૨૫ના રોજ Dog Bite Prevention પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ઉપસ્થિત પ્રિન્સીપાલશ્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં Rebis રોગ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. કાર્યક્રમના મુખ્ય વકતા અને નોડલ ઓફિસર ડૉ.કુસુમબેન અખાણીએ Dog Bite Preventionની જરૂરિયાત, ચેતવણી અને તેની સાવચેતી અને તેનાથી બચાવ માટેના ઇમરજન્સી પગલાં તથા તેની સારવાર વિશેની માહિતી આપી હતી.



✲ સરકારી વિનયન કૉલેજ, ભાભર દ્વારા તા. ૧૬–૧૨–૨૦૨૫ના રોજ સુપ્રિમ કોર્ટના નિર્દેશોને અનુસરીને રખડતા કૂતરા અંગે માર્ગદર્શન અને જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડૉ. જીતુભાઈ દરજી દ્વારા કૂતરાના આક્રમક વર્તનના લક્ષણો, સુરક્ષિત વ્યવહાર તેમજ કરડ્યા બાદની તાત્કાલિક સારવાર, રસીકરણ અને સાવધાનીઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓમાં આ વિષયક જાગૃતિ વધતા ભવિષ્યમાં આવી ઘટનાઓમાં ઘટાડો થાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.



✲ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સ્ટડી સેન્ટરની પરિચય બેઠક ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. પ્રિન્સીપાલ તેમજ સંયોજકશ્રી ડૉ.સી. એમ. ઠક્કરે વિદ્યાર્થીઓને આવકારી સ્ટડી સેન્ટરની સ્થાપનાનો હેતુ તેમજ દૂરવર્તી શિક્ષણ વિદ્યાર્થીઓને કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તે અંગેની દ્રષ્ટાંત સાથેની માહિતી આપી હતી. ડૉ. મહેશભાઈ મુલાણીએ વિદ્યાર્થીઓને દૂરવર્તી શિક્ષણ થકી ઉજ્જવળ ભવિષ્ય બનાવવા અંગેની શુભેચ્છાઓ પાઠવી હતી.આ પરિચય બેઠકમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા અભ્યાસક્રમના પુસ્તકો સ્ટડી સેન્ટર દ્વારા આપવામાં આવ્યા હતા.




✲ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં અર્થશાસ્ત્ર વિભાગના ઉપક્રમે ગ્રાહક સપ્તાહ અંતર્ગત 'પ્રશ્નોત્તરી (ખુલ્લી ચર્ચા) ગ્રાહક જાગૃતિ' નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્રના પ્રોફે. ડૉ. સોનલ જે. પંડ્યાએ સપ્તાહ કેમ ઉજવવામાં આવે છે તેમજ તે ઉજવવાના હેતુઓ અને મહત્ત્વ વિશે ટૂંકમાં માહિતી આપી હતી. એન.એસ.એસ. પ્રો.ઓ. સંજય પંડ્યાએ ગ્રાહક સપ્તાહ ઉજવણી કેમ જરૂરી છે તે બાબત પર પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ ડૉ. દીપિકાબેન ડુસાએ ઓનલાઈન વેપારમાં સર્જાતી મુશ્કેલીઓ તેમજ તેમાં આચરવામાં આવતી છેતરપિંડીથી કઈ રીતે બચી શકાય તે બાબતને ઉજાગર કરી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહક સુરક્ષાનો સંદેશો આપતું નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન



✲ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ અને એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં તા. ૨૪–૧૨–૨૦૨૫ના રોજ 'સ્વ થી સ્વાવલંબન (સ્વદેશી)' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય અને શિક્ષણવિદ્ વર્ષાબેન દોશી દ્વારા વિદ્યાર્થીઓને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહનરૂપે પાથેય આપવામાં આવ્યું હતું. તેમજ ઊંઝાના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ દ્વારા સ્વદેશી ગીત થકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



✲ શ્રીમતિ કાંતાબેન કિર્તીલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતિ લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે તા. ૧૩–૧૨–૨૦૨૫ ના રોજ પ્રિ.ડૉ. ડી.એસ.ચારણના માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત 'કૂતરાના ભયનું નિયંત્રણ અને હડકવા અંગે જાગૃતિ' વિષય પર એક ઉપયોગી અને માર્ગદર્શક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ તથા સ્ટાફમાં કૂતરાના અકારણ ભય અંગે વૈજ્ઞાનિક સમજ વિકસાવવાનો તથા હડકવા (Rabies) જેવા ગંભીર રોગ અંગે સાચી માહિતી આપી જાગૃતિ ફેલાવવાનો હતો. નિષ્ણાત વક્તા મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપક ડૉ. નીતેશ પટેલે જણાવ્યું કે ભૂતકાળનો ખરાબ અનુભવ, બાળપણની ઘટના, અફવાઓ તથા ખોટી માન્યતાઓના કારણે માનવીમાં કૂતરાનો ભય વિકસી શકે છે. ત્યારબાદ તેમણે આ ભયને નિયંત્રિત કરવા માટે ધીમે–ધીમે સંપર્ક, શ્વાસ નિયંત્રણ, સકારાત્મક વિચારધારા તથા આત્મવિશ્વાસ વધારવાની પદ્ધતિઓ પર વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. વ્યાખ્યાનના બીજા તબક્કામાં હિન્દી વિભાગના અધ્યાપક ડૉ.ગોવિંદ મુંધવા એ હડકવા (Rabies) વિષય પર વિશેષ માહિતી આપી હતી. હડકવા એક ગંભીર અને જીવલેણ

વાયરસજન્ય રોગ છે, જે સામાન્ય રીતે સંક્રમિત કૂતરાના કરડવાથી ફેલાય છે. વક્તાએ હડકવાના લક્ષણો, સંક્રમણની રીત, તાત્કાલિક સારવારનું મહત્ત્વ તથા રસીકરણની પ્રક્રિયા વિશે સરળ ભાષામાં સમજાવ્યું હતું.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર સાંસ્કૃતિક ધારા અને એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે ‘વીર બાલ દિવસ’ અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. ધ્રુવભાઈ પંડ્યા એ વિદ્યાર્થીઓને ગુરુ ગોવિંદસિંહ અને તેમના પરિવારે દેશ માટે આપેલા પોતાના બલિદાનની માહિતી આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ પ્રિ.ડૉ. રમેશકુમાર બી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭–૧૨–૨૦૨૫ ના રોજ બનાસકાંઠા ગ્રાહક સુરક્ષા, શિક્ષણ અને સંશોધન મંડળ, પાલનપુરમાંથી આવેલ નિવૃત્ત મદદનીશ ગ્રાહક સુરક્ષા અધિકારી શ્રી એચ.એ.મીરે વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તમામ સ્વયંસેવકોને છેતરપિંડીની જાહેરાતોથી બચવા, છેતરપિંડી સામે રક્ષણ મેળવવા વિદ્યાર્થીઓને ગ્રાહક જાગૃતિનું પાયામાંથી જ્ઞાન અને લોકજાગૃતિ તથા ખોરાકમાં થતી ભેળસેળ બાબતે ગ્રાહકોને પોતાના સ્વાસ્થ્ય અને સલામતી માટે ગ્રાહક સુરક્ષા ધારો અંતર્ગત માહિતગાર કર્યા હતા.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ ઍન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર અને કવચ કેન્દ્ર અંતર્ગત પ્રિ. ડૉ.સી.એમ. ઠક્કરના અધ્યક્ષ સ્થાને તેમજ માર્ગદર્શન હેઠળ તા. ૧૭–૧૨–૨૫ના રોજ સાયબર અવરનેસ અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સીપાલશ્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને સાઈબર અવરનેસ અંગે જાગૃત કર્યા. ત્યારબાદ વક્તા તરીકે ગુજરાતી વિભાગના અધ્યાપિકા અને સાઈબર ક્લબ કો–ઓર્ડીનેટર ડૉ. અંજનાબેન મકવાણાએ સાયબર અવેરનેસ શું છે?, સામાન્ય સાયબર જોખમો, ઑનલાઇન ફ્રોડ (UPI/ATM/OTP), ફિશિંગ ઇમેલ/મેસેજ, સોશિયલ મીડિયા હેકિંગ, નકલી વેબસાઇટ/શોપિંગ સ્કેમ, સાયબર બુલિંગ, સાયબર અવેરનેસ શા માટે જરૂરી? જેવી વિદ્યાર્થીઓને માહિતી આપી જાગૃત કર્યા હતા.



❊ શ્રીમતી કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટસ અને લીલાવતીબેન બાપુલાલ ગુજારીયા કોમર્સ કૉલેજ, થરામાં IQAC વિભાગ અને સપ્તધારા પ્રકલ્પની જ્ઞાનધારા અંતર્ગત એક દિવસીય વર્કશોપ – ઇન્ટર્નશીપ’ કાર્યક્રમનું આયોજન પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના અધ્યક્ષ સ્થાને અને માર્ગદર્શન હેઠળ તા. ૧૬–૧૨– ૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રિન્સિપાલશ્રીએ નવી શિક્ષણનીતિના સંદર્ભે પ્રેરક પ્રવચન આપીને B.A./B.COM-SEM-6 ના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપ સંદર્ભે પ્રેરક માર્ગદર્શન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. અંગ્રેજી વિભાગના અધ્યક્ષ અને IQACના કો–ઓર્ડીનેટર ડૉ. હરેશભાઈ દવેએ B.A-B.COM SEM - 6 ના વિદ્યાર્થીઓને PPT ના માધ્યમ દ્વારા ઇન્ટર્નશીપના તમામ પાસાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને વિદ્યાર્થીઓને પૂરેપૂરી સમજ પડે તે રીતે ખૂબ જ ધીરજપૂર્વક અને વિદ્વતા સભર પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વિષયને અનુરૂપ ઇન્ટર્નશીપ સંદર્ભે માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

## શિબિર

શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કૉલેજ, પાટણના એન.એસ.એસ. યુનિટ દ્વારા પાટણ તાલુકાના કણી ગામમાં વાર્ષિક ખાસ શિબિરનું આયોજન તા. ૧૯ થી ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું હતું. વાર્ષિક ખાસ શિબિરના ઉદ્દ્ઘાટન સમારોહમાં ઉદ્દ્ઘાટક તરીકે કણી ગામના સરપંચ પુરીબેન પ્રજાપતિ તેમજ મુખ્ય મહેમાન તરીકે કણી અનુપમ પ્રાથમિક શાળાના આચાર્ય હસમુખભાઇ પ્રજાપતિ હાજર રહી શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શિબિર દરમિયાન સ્વચ્છતા અભિયાન, સાક્ષરતા અભિયાન, અંધશ્રધ્ધા નિવારણ, વ્યસનમુક્તિ, પાણી બચાવો, બેટી બચાવો, બેટી પઢાવો, માર્ગ સલામતી, વૃક્ષો વાવો તેમજ વૈશ્વિક તાપમાન વૃદ્ધિ અંગેના જાગૃતિના કાર્યક્રમો, બૌદ્ધિક વ્યાખ્યાન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના અંતિમ દિવસે પ્રો. લાખન ઠાકોર દ્વારા વૈશ્વિક તાપમાન વૃદ્ધિ અંગેની અસરો અને તેના નિવારણ વિષે સમજ આપી તમામ ગ્રામજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સ્પર્ધા



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે સાયબર સેલ અંતર્ગત સાયબર સિક્યુરિટી વિષય પર નિબંધ સ્પર્ધા અને સૂત્રલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રીયા, બીજા ક્રમાંકે રાજપૂત હર્ષ તથા ત્રીજો ક્રમાંકે પટેલ કોમલ અને પંચાલ કલ્પેશ રહ્યા હતા. સૂત્ર લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજય, બીજા ક્રમાંકે રાજપૂત હર્ષ તથા ત્રીજો ક્રમાંક પટેલ નિરજે પ્રાપ્ત કર્યો હતો. નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ. અલ્પા જાની અને ડૉ. જયશ્રી દત્તા દ્વારા નિભાવવામાં આવી હતી.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ ઍન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર અને કવચ કેન્દ્ર અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન પ્રિ. ડૉ.સી.એમ.ઠક્કરના અધ્યક્ષ સ્થાને તેમજ માર્ગદર્શન હેઠળ સાયબર ક્લબ કો.ઓડીનેટર ડૉ. અંજનાબેન મકવાણા દ્વારા તા. ૨૨-૧૨-૨૦૨૫ ના રોજ સાયબર અવેરનેસ અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીને પ્રમાણપત્ર તેમજ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે આવનારને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.



❊ શ્રીમતી કાંતાબેન કિર્તીલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે IQAC વિભાગ અને KCG અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા.૧૫-૧૨-૨૦૨૫ ને પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શન હેઠળ "Cyber Security Awareness And Creative Handholding (CAWACH)" વિષય પર વિવિધ Cyber Security ના સંદર્ભમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં સાયબર સિક્યોરિટી : પડકારો અને ઉકેલો, આધુનિક યુગમાં સાયબર સિક્યોરિટીનું મહત્વ, AI અને સાયબર સિક્યોરિટી વિષય પર નિબંધ લેખન આપવામાં આવ્યું હતું. જેમાં બી.કોમ.ના 30 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



❊ શ્રીમતી કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને લીલાવતીબેન બાપુલાલ ગુજારીયા કોમર્સ કૉલેજ, થરામાં IQAC વિભાગ અને કે.સી.જી. અમદાવાદ Cyber Security Awareness and Creative Hand Holding (CAWACH) Kendra Education Department, Government of Gujarat ના સંયુક્ત ઉપક્રમે પ્રિ.ડૉ. ડી.આર. ચારણના માર્ગદર્શન અને અધ્યક્ષ સ્થાને તા. ૧૩-૧૨-૨૦૨૫ના રોજ સાયબર સુરક્ષા વિષય પર ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલશ્રી દ્વારા સાયબર સુરક્ષાના મહત્ત્વ વિશે પ્રેરણાત્મક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોને ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોને આજના ડિજિટલ યુગમાં સુરક્ષિત કરવા માટે જરૂરી જ્ઞાન અને સાધનોથી સજ્જ કરવાનો હતો. વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા પ્રત્યે જાગૃતિ ફેલાવવી, ડિજિટલ માધ્યમોના સુરક્ષિત ઉપયોગ અંગે સમજ વિકસાવવી તેમજ વધતા સાયબર ગુનાઓથી બચવા અંગે માહિતી પ્રદાન કરવાનો હતો.

## ગ્રંથ દર્શન

શીર્ષક : અમૃત રસ ધારા : ચોસઠ પ્રકારી પૂજામાં સૂચિત કથાઓનો સંપુટ
લેખક : મુનિ મિત્રાનંદસાગર
પ્રકાશક : શ્રુત સરિતા
પ્રકાશન સ્થળ : અમદાવાદ
પ્રકાશન વર્ષ : ૨૦૨૨ પૃષ્ઠ : ૨૫૭ કિંમત : રૂ. 300/-
ISBN : ૯૭૮-૯૩-૫૬૮૦-૭૪૬-૪

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ કુલપતિશ્રી ડૉ. કે. કે. શાહ સાહેબે પરમ શ્રદ્ધેય પૂજ્ય મુનિ ભગવંત મિત્રાનંદસાગર મહારાજ સાહેબના ગ્રંથ અંગૂઠે અમૃત વસે ની પ્રસ્તાવના લખી હતી. જેમાં કુલપતિ સાહેબ જણાવે છે કે "પરમ પૂજ્ય જૈન મુનિવર્ય મિત્રાનંદસાગરજી ને મળવાનું સદ્ભાગ્ય મળ્યું તેને પણ મારા જીવનનો પુણ્યોદય માનું છું, કેમ કે સત્પુરુષનો સંગ થવો એ પણ

એક દૈવયોગ હોય છે. આટલા વિદ્વાન, તપસ્વી, તેજસ્વી મહાત્મા સાથે જરૂર કોઈક ઋણાનુબંધ હશે એમ લાગે છે. ... આ પુસ્તક દ્વારા પૂજ્ય મુનિવર્ય મિત્રાનંદસાગરજીએ માત્ર વાચકની જ્ઞાનપિપાસાને જ તૃપ્ત નથી કરી, પરંતુ આનંદ અને મહાશતક જેવા મહાવીર પ્રભુના અનુયાયીઓના જીવનને માર્મિક રીતે દર્શાવીને તેમ જ જિનધર્મના બે મહાન વિવેકી આચાર્યો કેવી રીતે મળે છે, કેવા સંવાદો કરે છે, એકબીજાના વિચારોનો કેવો સમાદર કરે છે એ બધી વિગતોના ઊંડાણમાં જઈને આધ્યાત્મિકતા સુધી પહોંચવાનો રાજમાર્ગ પણ તેમને બતાવી દીધો છે.''

સદર પુસ્તકમાં મુનિવર્ય દ્વારા ભગવાનના પ્રથમ ગણધર એવા ગૌતમ સ્વામીનું જીવન ગહન અને વિરાટ રીતે દર્શાવાયું છે. (પૂજ્ય ગૌતમ સ્વામી પૂર્વાશ્રમમાં (ઈન્દ્રધુનિ નામ) પ્રકાંડ પંડિત – વેદ – ઉપનિષદોના જ્ઞાતા અને પ્રખર કર્મકાંડી બ્રાહ્મણ હતા. તેમના આચાર્ય પડે અનેક મોટા મોટા યજ્ઞ સંપન્ન થતા હતા. તેમની ખ્યાતી ચોમેર પ્રસરી હતી. મનમાં ઉઠતાં કેટલાક પ્રશ્નોનું સમાધાન પૂજ્ય મહાવીર સ્વામી પાસેથી મળતાં જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. તેઓશ્રી 'અંનતલબ્ધિનિધાન' હતા.)

સદર પુસ્તક અમૃત રસ ધારા : ચોસઠ પ્રકારી પૂજામાં સૂચિત કથાઓનો સંપુટ એ ચોસઠ પ્રકારી પુજાના ઉદ્‌ગાતા કવિવર્ય વીરવિજય મહારાજના જીવન અને કવન સંબંધી છે. (અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય ગૌતમ સ્વામી અને કવિવર્ય વીરવિજય મહારાજ બંને પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ છે.) કવિવર્ય વીરવિજય મહારાજનું જીવન કૈક આ પ્રકારનું રહ્યું છે. કેશવરામનો જન્મ જૈનોની રાજધાની એવી રાજનગરમાં ઔદિચ્ય બ્રાહ્મણ કુળમાં થયો હતો. માતા વ્રજકુંવર અને પિતા પંડિત યજ્ઞેશ્વર પ્રખર કર્મકાંડી હતા. કેશવરામને ગંગા કરીને એક બહેન હતી. પિતા પ્રકાંડ પંડિત હતા અને તેઓ જૈનો અને અન્ય સમાજમાં કર્મકાંડ કરાવતા હતા. પરંતુ કેશવરામ ને કર્મકાંડ શીખવામાં કોઈ રસ નહોતો. તેમનો સમય મિત્રો સાથે ટોળટપ્પામાં વ્યતીત થતો હતો. લગ્ન થશે તો અલ્લડ કેશવરામને જવાબદારીનું ભાન થશે એ આશા એ 'રળિયાત' સાથે તેમના લગ્ન કરાવવામાં આવ્યા. ત્રણેક વર્ષ સંસાર ચાલ્યો. એવામાં પિતા યજ્ઞેશ્વરનું અવસાન થયું. (પત્ની રળિયાત પણ બીમારીનો ભોગ બનતા પરલોક ગમન કર્યું.) કેશવરામ ઉપર કર્મકાંડની જવાબદારી આવી પડી. યજમાનો તેમની પાસેથી કર્મકાંડની આશા રાખવા લાગ્યા. આથી એક દિવસ કોઈનેય કહ્યાવિના ઘર છોડીને નીકળી ગયા. ઘરમાં ચોરી થઈ તે બધું લૂંટાઈ ગયું. બહેન ગંગા વિધવા થઈ અને પિયર પાછી આવી, પુત્ર ઘેર થી ચાલ્યો ગયો, પતિનું અવસાન થયું, આમ મનથી હારી ગયેલી માતા વ્રજકુંવરે પરલોકની વાત પકડી.

આ બાજુ કેશવરામ ફરતા ફરતા મોસાળ રોચક પહોચ્યા. જ્યાં જૈન મુનિશ્રી શુભવિજય મહારાજનો ભેટો થયો. મહારાજ સાહેબ રાજનગર જતા ત્યારે યજ્ઞેશ્વર પંડિતના ત્યાં ઘણીવાર ગયેલા. તેઓ એ કેશવરામને ઓળખી કાઢ્યા અને ઘેર પાછા જવા જણાવ્યું. કેશવરામ ઘેર આવ્યા. પરંતુ માતા, પિતા, પત્ની, ધનસંપદા બધું ખોઈ ચુકેલા કેશવરામનું મન ચિંતનમાં સરી પડ્યું. મનમાં સમ્યગ જ્ઞાનનો પ્રકાશ થયો. મુનિ શુભવિજય મહારાજને પાલીતાણા આવીને ચરણોમાં વંદન કરી જૈન દીક્ષા આપવા અનુરોધ કર્યો. મુનિ ભગવંતે વૈરાગ્યની પરિપક્વતાની કસોટી વગર દીક્ષા તો ના આપી પરંતુ વિહારમાં સાથે રહેવા અને અધ્યયન કરવા જણાવ્યું. કેશવરામ કાવ્યોની રચના કરવા લાગ્યા. જૈન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. વૈરાગ્ય ભાવનાની દ્રઢતા જોઈ ગુરુશ્રી શુભવિજય મહારાજે વિક્રમ સંવત ૧૮૪૮ના કારતક વદ ત્રીજના રોજ ખંભાત પાસેના 'પાનસેરા' ગામમાં કેશવરામ ને દીક્ષા આપી. અને તેમને 'મુનિ વીરવિજય' નામ ધારણ કર્યું.

મુનિ વીરવિજય મહારાજે કાવ્ય સાહિત્ય ઉપરાંત પૂજા સાહિત્ય, સ્તવનાદિ સાહિત્ય, રાસ સાહિત્ય, ચોમાસી દેવવંદન, પ્રસંગોનું બયાન કરતાં ઢાળિયા, શાસ્ત્રીય સાહિત્ય અને પ્રકીર્ણ વિષયોમાં ખેડાણ કર્યું છે. પૂજા સાહિત્યમાં – જિનધર્મમાં કોઈ પણ કાર્યના પ્રારંભે પ્રાયઃ સ્નાત્રપૂજા કરવામાં આવે છે. જેમાં વીરવિજય મહારાજ રચિત 'સ્નાત્ર' પ્રમુખ સ્થાને હોય છે. આજ પ્રકારે ચોસઠ પ્રકારી પૂજા – જે આઠ દિવસ ચાલે છે – આઠે કર્મની ગહન વાતોને દ્રષ્ટાંતો સહીત સરળતાપૂર્વક રજુ કરી છે. આ ઉપરાંત અષ્ટ પ્રકારી પૂજા, સિદ્ધગિરિરાજના મહિમાને વર્ણવતી નવ્વાણું પ્રકારી પૂજા, પિસ્તાલીશ આગમની પૂજા, બાર વ્રતની પૂજા વગેરેમાં સંબધિત વિષય નિરૂપણની સાથે દ્રષ્ટાંતો પણ આપવામાં આવ્યા છે. જેથી તે વધારે રોચક બને છે.

સ્તવનાદિ સાહિત્યમાં વીરપ્રભુના સત્યાવીસ ભવના સ્તવન, શંખેશ્વર તીર્થની યાત્રાને વર્ણવતું 'નિત સમરું સાહિબ સયણા.. 'સ્તવન ખુબ જ લોકપ્રિય બન્યાં છે. આ ઉપરાંત અનેક ચૈત્યવંદનો, સ્તુતિઓની રચના કરી છે. વ્યક્તિ વિશેષના જીવનને વર્ણવતા રાસ સાહિત્યનુ સર્જન કર્યું છે. જેમાં સુરસુંદરી રાસ, ધમ્મિલ રાસ અને ચંદ્રશેખર રાજાનો રાસ મુખ્ય છે. જૈનોમાં ઉત્તરકાળમાં ચોમાસી ચૌદસના દિવસે દેવવંદનની પ્રથા શરુ થઇ છે. વીરવિજય મહારાજે ચૈત્યવંદનો અને થોયો દ્વારા ચોવીસ જીનની દેવવંદનાની રચના કરી છે. મુનિશ્રી પોતે જે ઐતિહાસિક ઘટનાઓના સાક્ષી બન્યા હોય તે ઘટનાઓને ઢાળિયા સ્વરૂપે ગુંથી લીધા જેમાં હઠીસિંહના દેરાની પ્રતિષ્ઠા– મુનિશ્રી વીરવિજય મહારાજની સ્વયંની નિશ્રામાં થઇ હતી.– તેનો આંખે દેખ્યો અહેવાલ અને આજ રીતે સિદ્ધગિરિરાજ ઉપર આવેલી મોતીશા શેઠની ટૂંકની પ્રતિષ્ઠાનો આંખે દેખ્યો અહેવાલ ઢાળિયામાં વર્ણવ્યો છે, આ બંને ઢાળિયાઓ ઐતિહાસિક દસ્તાવેજની ગરજ સારે છે.

શાસ્ત્રીય સાહિત્યમાં 'પ્રશ્નચિંતામણી' અને 'અધ્યાત્મસારનો ટબો' વિશેષ નોંધપાત્ર છે. 'પ્રશ્નચિંતામણી' ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે. જેમાં જૈન ગ્રંથોમાં આવતી બાબતો અને જૈન અનુશ્રુતિઓ સંબંધી ઉદ્‌ભવતા પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું છે. ઉપાધ્યાય યશોવિજયજી રચિત 'અધ્યાત્મસાર'ના ગંભીર વિષયો ઉપર મહારાજ સાહેબે ખુબ જ સરળ ભાષામાં 'વાર્તિક' કર્યું છે. પ્રકીર્ણ સાહિત્યમાં 'હિતશિક્ષા છત્રીસી', 'શુભવેલી', 'શિયળની વેલ' વગેરે પ્રમુખ છે.

આમ, મહારાજ સાહેબે જૈન આગમો , જૈન કર્મવાદ, જૈન ઈતિહાસ વગેરેના કરેલા ઊંડાણપૂર્વકના અભ્યાસનો પડઘો તેમની સાહિત્ય રચનાઓમાં જોવા મળે છે. સાથે સાથે તેમના સર્જકત્વમાં નિરાડંબરતા, સરળતા, સહજતા, નિરભિમાનતા વગેરે અનુભવાય છે.

સદર પુસ્તક અમૃત રસ ધારા : ચોસઠ પ્રકારી પૂજામાં સૂચિત

કથાઓનો સંપુટ માં મુનિ ભગવંત મિત્રાનંદસાગર મહારાજ સાહેબે ચોસઠ પ્રકારી પુજાના શુભાશુભ ફળ દર્શાવતી કથાઓનું આલેખન કર્યું છે. જેને બે ખંડોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. ખંડ એકમાં ૧. જ્ઞાનાવરણીય કર્મ સંબંધિત કથાઓ( બે ) ૨. દર્શનાવરણીય કર્મ સંબંધિત કથાઓ (ત્રણ) ૩.વેદનીય કર્મ સંબંધિત કથાઓ (સાત) ૪. મોહનીય કર્મ સંબંધિત કથાઓ(સાત) ૫. આયુષ્ય કર્મ સંબંધિત કથાઓ (છ) ૬.નામકર્મ (–) ૭. ગોત્ર કર્મ સંબંધિત કથાઓ(ચાર) ૮. અંતરાય કર્મ સંબંધિત કથાઓ(૧૧). આમ, કુલ ૪૦ કથાઓ આપવામાં આવેલી છે. ખંડ બેમાં અષ્ટપ્રકારી પૂજાનાં ફળ દર્શાવતી કથાઓ આપવામાં આવેલી છે. જેમાં જળપૂજા, સુગંધિત દ્રવ્યોથી પૂજા, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપકપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા, ફળપૂજા એમ કુલ આઠ પૂજાની કથાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

અત્રે અંતરાય કર્મ સંબંધી કથાઓમાં ભગવાન આદિનાથની કથામાં જણાવ્યા પ્રમાણે ભગવાન આદિનાથે દીક્ષા લીધાબાદ ગોચરી વહોરવા જતા ત્યારે બધા તેમને સુવર્ણ, રત્નો , વસ્ત્ર ઈત્યાદી વહોરાવે પરંતુ કોઈ ભોજન વહોરાવે નહિ. આથી ભગવાનને ઉપવાસ થતા. આમ લગભગ તેર મહિના અને દસ દિવસ સુધી ચાલ્યું. ભગવાન આદિનાથને તેર દિવસ અને દસ દિવસના ઉપવાસ થયા. ત્યારબાદ હસ્તિનાપુર નગરીમાં વિહાર કરતાં ભગવાન આદિનાથના પ્રપૌત્ર શ્રેયાંસની તેમના ઉપર નજર પડતા તેણે ગરમીના દિવસો હોવાથી શેરડીનો રસ વહોરાવ્યો. તે દિવસ અખાત્રીજનો હતો. આ દિવસે પારણું કર્યું. આજે પણ ભગવાન આદિનાથની યાદમાં હજારો ભક્તો તેર મહિના અને દસ દિવસનું તપ કરે છે. જે 'વરસીતપ' તરીકે ઓળખાય છે. અખાત્રીજના દિવસે શેરડીના રસથી 'વરસીતપ'નું પારણું કરવામાં આવે છે.

કથાઓના અંતમાં પાંચ પરિશિષ્ટ આપવામાં આવેલ છેઃ ૧. કર્મવિષયક કથાઓના સંકેતો. ૨. અષ્ટપ્રકારી પૂજાવિષયક કથાઓના સંકેતો ૩. વિશેષનામોની સૂચી ૪. સાક્ષીગ્રંથોની સૂચી ૫. સહાયક ગ્રંથોની સૂચી

પુસ્તકમાં કેવળજ્ઞાન, શુક્લ ધ્યાન, જાતી સ્મરણ, પૂર્વજન્મ, રૌદ્રધ્યાન, કર્મવાદ, સૌધર્મ દેવલોક, પાંચમા દેવલોક, બારમાં દેવલોક, સાતમી નરક, 'પુષ્કરાવર્તના મેઘમાં મગશેલ ન ભીંજે' વગેરે ઉક્તિઓ, શ્રમણ જીવન, સમ્યક ચારિત્ર્ય , થીણદ્રિ નિંદ્રા – જેની અસર નીચે એક નાના મુનિએ હાથીના દાંત ખેંચી કાઢ્યા અને શેઠની પુત્રવધૂ એ મોટી શીલા ખસેડી દીધી. જોકે મુનિ અને પુત્રવધૂ બંને ને તો આ વાતનો ખ્યાલ સુદ્ધાં ન હતો.– , ગુરુ મહિમા, સત્કર્મોના પૂણ્ય પ્રતાપે સંસ્કારી ઘરમાં જન્મ પ્રાપ્ત થવો વગેરે બાબતોને ઉજાગર કરવામાં આવી છે.

'રાધનપુર જૈન દર્શન' ના તંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વીરવાડીયા પ્રતિવર્ષ પોતાના સામયિકનો એક વિશેષાંક પ્રકાશિત કરે છે. સને ૨૦૨૨ના વિશેષાંકમાં ઓગણીસ કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જયારે 'ચોસઠ પ્રકારી પૂજા' માં કુલ ૪૮ કથાઓનો સમાવેશ થાય છે. સદર પુસ્તકમાં કુલ ૪૮ કથાઓ આપવામાં આવેલી છે. જેમાં કેટલીક કથાઓના મૂળ જૈન આગમોમાં છે તો કેટલીક કથાઓના મૂળ આગમેતર સાહિત્યમાં જોવા મળે છે.

પુસ્તકનું વાંચન ખુબ જ રસપ્રદ રહ્યું. પુસ્તક ન કેવળ વાંચન પુરતું મર્યાદિત બની રહ્યું પરંતુ સત્કર્મો કરવા માટે પ્રેરણાનું સ્રોત બની રહ્યું છે એ મારો જાત અનુભવ રહ્યો છે. ભગવાનમાં શ્રદ્ધા– ભક્તિ– તપ – સાધના–માં વૃદ્ધિ કરાવે તેટલું બળકટ છે.

માનનીય કુલપતિશ્રી કે. કે. સાહેબે મને આ બંને પુસ્તકો ભેટ સ્વરૂપે મોકલી આપેલ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના વૃત્તપત્ર 'ઉદીચ્ય' માં પુસ્તકનો પરિચય આપવા જણાવેલ. આવા ઉત્તમ પુસ્તકોનો સંયોગ કરાવવા બદલ હું આદરણીય કુલપતિ સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું. પુસ્તકના વાંચન –મનન થી આધ્યાત્મિકતાનો ગહન અનુભવ થયો. પ્રસંગોપાત અષ્ટપ્રકારે જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપક, અક્ષત, નૈવેધ અને ફળથી ભગવાનની પૂજાનો લાભ લેવાનો નિશ્ચય કરી લીધો અને તેને અમલમાં પણ મૂકી દીધો. માહત્મય જાણ્યા પછી પૂજામાં વિશેષ આનંદ થયો. આ પુસ્તકનો પ્રભાવ છે. તે વાચકને આધ્યાત્મિકતાની દિશામાં અગ્રેસર કરે છે અને પુણ્યલાભના ભાગીદાર બનાવે છે. પૂજ્ય મુનિ ભગવંતના પુસ્તકોના પરિચય આપવાનું બન્યું તેને મારું પરમ સૌભાગ્ય સમજુ છું. પૂજ્ય મુનિ ભગવંત દ્વારા વધુને વધુ ગ્રંથો પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સહ પૂજ્યશ્રીના શ્રી ચરણોમાં કોટી કોટી વંદન.

**ડૉ. કનકબાળા અરવિંદકુમાર જાની**
મદદનીશ ગ્રંથપાલ

## સબરસ

જીગો ટ્રાફિક પોલીસ પાહે હેલ્મેટ પહેરી, લાઇસન્સ અને ગાડીના બધા કાગળ લઇને ગ્યો ને હવાલદારને પુછ્યું સાહેબ બધા કાગળો બરાબર છે ને ?

હવાલદાર : હા, બરાબર છે, પણ તારી ગાડી ક્યાં?

જીગો : બરાબર હોય તો હું ગાડી ઘરેથી લેતો આવું.

**HNGU**
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian)
Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery**, Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–